# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ ૦૧** **તા. ૨૮.૦૧.૨૦૨૧**

**પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલની અધ્યક્ષતામાં આજરોજ ભુજ ખાતે કચ્છ જીલ્લાના સરપંચ સંવાદ અને પેજ સમિતિના કાર્યકર્તાઓને કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો.**

-----------------------

પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ ભુજ-કચ્છ ખાતે કચ્છ જિલ્લાના સરપંચો સાથે સંવાદ અને પેજ સમિતિના કાર્યકર્તાઓને કાર્ડ વિતરણ કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલની અધ્યક્ષતામાં યોજાયો હતો. કચ્છમાં આગમન સમયે પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલનો કચ્છી પરંપરા મુજબ નૃત્યું, ઢોલ,નગારા, ત્રાંસા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભારત માતાના જય ઘોષ સાથે એક વિશિષ્ઠ ફરતા (રોટેટિંગ) ગુલાબના કમળ પર તેમને સવાર કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી પાટીલનું વિધાનસભાની આગામી ચૂંટણી માં મિશન ૧૮૨ પરિપૂર્ણ થાય તે માટે ૧૮૨ કમળના ફુલહાર સાથે કચ્છી પાઘ પહેરાવી, કચ્છી શૉલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજના પ્રસંગે શ્રી સી.આર.પાટીલે કચ્છ જીલ્લાના ઉપસ્થિત ચારસો છત્રીસ જેટલા સરપંચો સાથે સંવાદ કર્યો હતો અને પેજ સમિતિના કાર્ડનું વિતરણ કર્યું હતું. શ્રી પાટીલે સંબોધનમાં જણાવ્યું કે દેશના કોઇપણ રાજ્યમાં સરપંચોનું સન્માન, તેમના પ્રશ્નોની સુનાવણી થાય તે માટેની સુચારૂ વ્યવસ્થા માત્ર અને માત્ર ગુજરાત ભાજપમાં છે. ગામના સુખ-દુ:ખ ના સાથી સરપંચશ્રીઓ ગામનો સુચારૂ વહીવટ કરી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અધિકારો અને સત્તા આપવાની વ્યવસ્થા કરી છે. કોંગ્રેસના સમયમાં સરપંચ પાસે અધિકારો નહોતા, આજના ભાજપના સમયમાં સરપંચ દરેક પ્રકારની દરેક વર્ગ માટે દરેક યોજનાઓ અને સેવા માટે "સર્વસત્તાધીશ" છે.

શ્રી પાટીલે ઉપસ્થિત સૌને આહવાન કર્યું કે આ વખતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની ડીપોઝીટ જપ્ત કરવાનો રેકોર્ડ ગુજરાત ભાજપના કાર્યકર્તાઓ બનાવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે સરકારી યોજનાની માહિતી અને તેના લાભો લોકો સુધી પહોંચાડવાથી આ બાબત જરૂરથી શક્ય બનશે અને કોંગ્રેસ ગુજરાત અને દેશમાંથી "સફાચટ" થઇ જશે.

કચ્છના સાંસદ અને નવનિયુક્ત પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદ ચાવડાએ આ પ્રસંગે સંબોધન આપતા જણાવ્યું હતું કે ભાજપ અને કચ્છ એકબીજાના પૂરક છે, કુદરતી આપત્તિઓ સમયે કચ્છની પ્રજા અને ગુજરાતની ભાજપા સરકારે ખભેથી ખભો મિલાવીને કામ કરીને કચ્છ ને ઉગાર્યું છે, પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલે મને જે પ્રદેશ મહામંત્રી તરીકેની જવાબદારી સોંપી છે તે જવાબદારી કચ્છના એક-એક કાર્યકર્તાની છે તેમ શ્રી ચાવડાએ જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા અને અત્યારે પ્રધાનમંત્રી છે ત્યારે પણ તેઓ કચ્છના વિકાસ માટેના અનેકાનેક પગલાંઓ સતત ધ્યાન રાખીને લઇ રહ્યા છે.

આજના કાર્યક્રમમાં જીલ્લાના પ્રમુખ શ્રી કેશુભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને સૌને આવકાર્યા હતા. પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા સહીત તમામ ધારાસભ્યો અને મોટી સંખ્યામાં સરપંચશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(ડૉ. યજ્ઞેશ દવે)**
**પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ**